## મેઘરજના મોટીપંડુલી ગામે ગેરકાયદેસર બંદૂક રાખવી ભારે પડી

# મીસ ફાયર થતા આધેડનું મોત



મેઘરજ, તા. ૨૩

અરવલ્લી જીલ્લામાં કેટલાક શખ્સો ગેરકાયદેસર હથિયાર રાખી રોફ જમાવતા હોવાની સાથે ખેતરમાં ભેલાણ કરતા વન્ય પ્રાણીઓને ભડાકે પણ દેતા હોય છે. હજુ પણ જીલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં પશુ-પક્ષીના શિકાર માટે લોકો વગર લાયસન્સની પિસ્તોલ અને તમંચાનો ઉપયોગ કરી રહ્યા છે. મેઘરજ તાલુકાના મોટી પંડુલી ગામનો આધેડ ધુળેટીના દિવસે લાયસન્સ વગરની બંદૂક સાથે દારૂ પીધેલી હાલતમાં આરસીસી રોડ પર ચાલતો ચાલતો પડી જતા સાથે રહેલી બંદુકમાંથી મીસ ફાયર થતા શખ્સને પોતાના જ કમરમાં બંદૂકનો છરો વાગતા પરિવારજનોએ સારવાર અર્થે દવાખાને ખસેડાતા સારવાર દરમિયાન આધેડનું મોત નિપજતા ભારે ચકચાર મચી જવા પામી છે.

મોટીપંડુલી ગામના કમાભાઈ સોમાભાઈ ડામોર ધુળેટીના દિવસે દારૂનો નશો કરેલ હાલતમાં લાઈસન્સ વગરની બંદુક લઈને બપોરના ત્રણેક વાગ્યે જાહેર માર્ગ ઉપર નીકળી પડ્યા હતા. તે દરમિયાન આ શખ્સનો પગ અચાનક લપસી જતા લોડ કરેલ બંદુકમાંથી ફાયર થઈ જતા આ શખ્સને પોતાના જ કમરમાં બંદુકની ગોળીનો છરો વાગતા નશાયુક્ત શખ્સ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તાત્કાલીક ગોળીનો છરો વાગેલ ઈસમને મેઘરજ સીવીલમાં ખસેડાયો હતો. જ્યાં ઈસમ કમાભાઈ સોમાભાઈ ડામોર ઉ.વ.૫૫નુ ગંભીર ઈજાઓના કારણે સારવાર દરમિયાન મોત નીપજ્યુ હતુ. આ અંગે મૃતકના પુત્ર ઈશ્વરભાઈ કમાભાઈએ ઈસરી પોલીસ મથકે જાણ કરતા ઈસરી પોલીસે ગુનો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

## પાલનપુરના ધનિયાણામાં ધૂળેટીના પૈસા ન આપતાં માથામાં પાઈપ ફટકારી લૂંટ

### વાસણ(ધા)ના યુવક પાસેથી સોનાની ચેઇન અને રોકડ રકમ મળી રૂપિયા ૨૫ હજાર લૂંટી લીધા

પાલનપુર

પાલનપુર તાલુકાના ધનિયાણા ગામ નજીક માર્ગ ઉપર ધૂળેટીના દિવસે બાઈક લઈને પસાર થઈ રહેલા વાસણ (ધા)ના યુવકે પૈસા ન આપતાં ઉસ્કેરાયેલા શખ્સે માથામાં પાઈપ મારી ગંભીર ઈજા પહોચાડી હતી. તેમજ સોનાની ચેઈન અને રોકડ રકમ મળી કુલ રૂપિયા ૨૫૬૬૦ની લૂંટ ચલાવી હતી. આ અંગે ફરિયાદ નોંધાવતાં તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર તાલુકાના વાસણ (ધા) ગામે રહેતા દિનેશભાઈ શાંતિલાલ રાવલ ધૂળેટીના દિવસે પોતાનું બાઈક લઈને પસાર થઈ રહ્યા હતા. ત્યારે ધનિયાણા ગામે લાલાભાઈ રમેશભાઈ રાવળ અને અન્ય ત્રણ શખ્સોએ તેમને ઉભા રાખી ધૂળેટીના પૈસાની માંગણી કરી ધક્કો મારી નીચે પાડી દીધા હતા. આ અંગે ઠપકો આપવાં જતાં ઉસ્કેરાયેલા શખ્સોએ દિનેશભાઈના માથામાં પાઈપ મારી ગંભીર ઈજાઓ પહોચાડી હતી. તેમજ પાકિટમાંથી રોકડા રૂપિયા ૬૬૦ તેમજ ગળામાં પહેરેલી રૂપિયા ૨૫,૦૦૦ની સોનાની ચેઈન મળી કુલ રૂપિયા ૨૫,૬૬૦ના મુદ્દામાલની લૂંટ કરી હતી. આ અંગે દિનેશભાઈએ પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે લાલાભાઈ રાવળ સહિતના શખ્સો સામે ગૂનો



નોંધી પીએસઆઈ એમ. એમ. દેસાઈ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## નાની ઢબાલમાં મહિલાને પરેશાન કરતા ઝેરી દવા પીધી

હિંમતનગર, તા. ૨૩

હિંમતનગર તાલુકાના નાની ઢબાલ ગામે પાંચ દિવસ અગાઉ ઘરે સુઈ રહેલી એક મહિલાની ગામના જ એક શખ્સે આબરૂ લેવાના ઈરાદે ખેંચતાણ કરતા આ મહિલાએ બુમાબુમ કરી મુકી હતી. જેથી આબરૂ લેવા આવેલો શખ્સ જાનથી મારી નાખવાની ધમકી આપી ભાગી ગયો હતો. ત્યારબાદ આ મહિલાને લાગી આવતા તેણીએ ઘટના બન્યાના બે દિવસ બાદ પોતાની જાતે ઝેરી દવા પી મોતને વ્હાલુ કરી લીધુ હતુ. જે અંગેની ફરીયાદ ગુરૂવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસસ્ટેશનમાં નોધાવા પામી હતી.

આ અંગે નાની ઢબાલ ગામના દશરથજી બાબુજી મકવાણાએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૧૭ માર્ચની રાત્રે તેમના ઘરના સભ્યો માંડવળીમાં ગરબા હોવાથી ગયા હતા. પરંતુ દશરથજીના પત્નિ રેખાબેન ઘર ખુલ્લુ રાખીને સુઈ રહ્યા હતા ત્યારે રાત્રે અઢી વાગ્યાના સુમારે ગામના લાલાજી બબાજી મકવાણાએ આવીને રેખાબેનની આબરૂ લેવાના ઈરાદે ખેંચતાણ કરી હતી. જેથી રેખાબેને બુમાબુમ કરી મુકી હતી જેને લઈને લાલાજી રેખાબેનને જાનથી મારી નાખવાની ધમકી આપીને ભાગી ગયો હતો. જોકે છેલ્લા કેટલાક સમયથી લાલાજી મકવાણા રેખાબેનની આબરૂ લેવાના આશયથી ખરાબ નજર રાખીને અવારનવાર પરેશાન કરતો હતો.

દરમિયાન ગત તા. ૧૭ માર્ચના રોજ બનેલી ઘટનાથી રેખાબેન ખુબજ વ્યતિત થઈ ગયા હતા અને તા. ૨૦ માર્ચના રોજ મનમાં લાગી આવતા તેણીએ પોતાની જાતે જ ઝેરી દવા પી લીધી હતી. જેથી રેખાબેનનું મોત નિપજ્યુ હતુ. ત્યારબાદ દશરથજી મકવાણાએ લાલાજી મકવાણા વિરૂદ્ધ ગુરૂવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## બનાસકાંઠામાંથી રોયલ્ટી ચોરી કરતા ત્રણ ચમ્પર ઝડપાયા



પાલનપુર, તા. ૨૩

બનાસકાંઠામાં રોયલ્ટી ચોરીની ફરીયાદોના આધારે ભૂસ્તર વિભાગ દ્વારા બાતમીના આધારે જુનાડીસા ગામે વોચ ગોઠવી રોયલ્ટીની ચોરી કરતા ત્રણ ડમ્પર ચાલકોને ઝડપી લેવામાં આવતા ભૂમાફીયાઓમાં ફફડાડ પ્રસરી ગયો છે.

બનાસકાંઠામાં ખનિજ ચોરીનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યુ છે. જેના પગલે તાજેતરમાં જિલ્લા ભૂસ્તર શાસ્ત્રી શુભાષભાઈ જોષી દ્વારા વડગામ તાલુકાના મેતા ગામેથી ગેરકાયદેસર રેતીનું ખોદકામ કરતા જીસીબી, ટ્રેક્ટર તેમજ ડમ્પરને ઝડપી લેવામાં આવ્યા હતા. આ કાર્યવાહી કરવા છતા ભૂમાફીયાઓ જાણે સુધરવાનું નામ ન લેતા હોય તેમ જુના ડીસા ગામેથી રોયલ્ટી વગર ગેરકાયદેસર રેતીનું વહન થતુ હોવાની ભૂસ્તરશાસ્ત્રીને બાતમી મળતા સ્ટાફ સાથે ઓચિંતો છાપો મારી ત્રણ ડમ્પર ઝડપી લેવામાં આવ્યા હતા. આ ડમ્પર માલીકોને અંદાજીત ૬ લાખ ઉપરાંતનો દંડ ફટકારવામાં આવશે તેવુ ભૂસ્તર વિભાગના શુત્રોએ જણાવ્યુ હતુ.

## સાબરકાંઠાની મહિલાઓ મતદાન કરવામાં ઉદાસીન

### ગત લોકસભા અને વિધાનસભાની ચૂંટણીમાં મતદાન કરવામાં પુરૂષો મોખરે

હિંમતનગર, તા. ૨૩

સરકાર દ્વારા મહિલાઓના ઉત્થાન માટે તથા તેઓ જાહેર જીવનમાં અને રાજકારણમાં અગત્યનો ભાગ ભજવે તે માટે અનેક યોજનાઓ અમલમાં મુકી છે તથા દરેક ક્ષેત્રમાં મહિલાઓ માટે ૩૩ ટકા હિસ્સો ફાળવ્યો છે. ત્યારે હજુ પણ મહિલાઓ કેટલાક ક્ષેત્રોને બાદ કરતા આગળ આવી નથી. દરમિયાન વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૭માં યોજાયેલી લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓમાં મતદાન કરવા માટે મહિલા વર્ગે ઝાઝો ઉત્સાહ દાખવ્યો નથી. જેના લીધે સરકાર મહિલાઓમાં જાગૃતિ લાવવા માટે કરી રહેલા પ્રયાસોને ઝાઝી સફળતા પ્રાપ્ત થતી નથી. સાબરકાંઠામાં રહેતી શહેરી અને ગ્રામ્ય મહિલાઓ પણ હજુ જોઈએ તેવી જાગૃત થઈ નથી.

વર્ષ ૨૦૧૪માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણી પર નજર નાખીએ તો જાણવા મળ્યુ છે કે હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા અને પ્રાંતિજ વિધાનસભા મત વિસ્તારમાં રહેતા મહિલા મતદારોની સંખ્યા ૪,૭૮,૪૭૦ પૈકી ૩,૪૮,૬૩૩ એટલે કે ફક્ત ૭૨.૮૬ ટકા મતદાન થયુ હતુ. તેમ છતાં આ ચાર વિધાનસભા બેઠક પૈકી સાબરકાંઠાના પછાત વિસ્તારમાં આવતી ખેડબ્રહ્મા વિધાનસભા બેઠકમાં અન્ય વિધાનસભા બેઠક કરતા સરેરાશ ત્રણ ટકા વધુ મતદાન નોંધાયુ હતું.

અન્ય વિધાનસભા બેઠકની વાત કરીએ તો હિંમતનગરમાં ૭૩,૪૩, ઈડરમાં ૭૩.૦૦ જ્યારે પ્રાંતિજમાં ૭૦.૯૯ ટકા મતદાન થયુ હોવાનું ચૂંટણી શાખાના આધારભૂત સૂત્રોમાંથી જણાવાયુ છે. ગત વિધાનસભાની ચૂંટણીના પરીણામ જાહેર થયા બાદ તેમાં ભાજપ અને કોંગ્રેસની વાત કરીએ તો પ્રાંતિજ, હિંમતનગર અને ઈડર બેઠક ભાજપને જ્યારે ખેડબ્રહ્મા બેઠક કોંગ્રેસને ફાળે ગઈ હતી. દરમિયાન તત્કાલીન સમયે સાબરકાંઠામાં આવેલી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં કોંગ્રેસ સત્તા પર હોવા છતાં વિધાનસભાની ચૂંટણીમાં ખાસ સારો દેખાવ કરી શક્યો ન હતો.

લોકસભાની વાત કરીએ તો વર્ષ ૨૦૧૪માં યોજાયેલી ચૂંટણીમાં ભાજપના દિપસિંહ રાઠોડ તો સામે પક્ષે કોંગ્રેસમાંથી શંકરસિંહ વાઘેલા ચૂંટણી લડ્યા હતા તે સમયે બંને વચ્ચે કાંટે કી ટક્કર હોવા છતાં મતદાનના દિવસે સરેરાશ ૬૭.૩૬ ટકા મતદાન સાબરકાંઠામાં જ્યારે અરવલ્લીમાં ૬૪.૩૧ ટકા મતદાન થયુ હતુ.

## મોડાસાના ટીંટોઈ નજીક જોર વિસ્તારના ડુંગર પર

# ભીષણ આગ લાગવાની રહસ્યમય ઘટના યથાવત

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જીલ્લામાં ડુંગર અને જંગલમાં આગ લાગવાની સતત ઘટનાઓ બનતા વનરાજી બળીને ખાખ થઈ જવાની સાથે વન્ય પ્રાણીઓ અને પક્ષીઓનું પણ જીવનું જોખમ ઉભું થતા પર્યાવરણ પ્રેમીઓ અને જીવદયા પ્રેમીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અરવલ્લીની ગીરીમાળાઓમાં વસવાટ કરતા ગ્રામ્ય વિસ્તારો અને જંગલ નજીક આવેલા રહેણાંક વિસ્તારોમાં સતત રહસ્યમય આગ લાગવાની ઘટનાઓથી ચિંતિત બન્યા છે. વનવિભાગતંત્ર આગ લાગવાનું કારણ શોધવામાં સંપૂર્ણ નિષ્ફળ રહેતા વનસંપદા આગમાં સ્વાહા થઈ રહી છે.

અરવલ્લી જીલ્લામાં બે દિવસમાં ડુંગર પર અને જંગલ વિસ્તારમાં ઉપરાછાપરી આગ લાગવાના બનાવ બનતા વનવિભાગ તંત્ર સતત દોડાદોડી કરી રહ્યું છે. મોડાસા પંથકમાં શુક્રવારે દધાલિયા, માથાસુલીયા અને





શામળાજી નજીક આગ લાગવાના ૨૪ કલાકથી ઓછા સમયમાં ટીંટોઈ નજીક જોર વિસ્તારના ડુંગરો પર ભીષણ આગ ભભૂકી ઉઠી હતી. આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી પવનની ગતિ સાથે પ્રસરતા આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા દૂર દૂર સુધી ધુમાડાના ગોટેગોટા જોવા મળતા સ્થાનિકો અને વનવિભાગના ૧૫ જેટલા કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબુ મેળવવા પ્રયત્નો હાથ ધર્યા હતા. ડુંગર પર આગ લાગતા વન સંપત્તિને વ્યાપક નુકશાન થયું હતું.

અરવલ્લી જીલ્લામાં દર વર્ષે ઉનાળાની શરૂઆતમાં ડુંગર અને જંગલ વિસ્તારમાં આગ લાગવાની ઘટનાઓ બનતી હોય છે. ચાલુ સાલે સતત અરવલ્લીની ગિરિમાળાઓ અને જંગલમાં આગ લાગવાની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થતા આગ કેટલાક ચોક્કસ તત્વો દ્વારા લગાડવામાં આવતી હોવાની સાથે આગ લગાડતા પહેલા જે તે વિસ્તારમાંથી કિંમતી લાકડું અને જલાઉ લાકડાની તસ્કરી કર્યા પછી આગ લગાડી દેવામાં આવતી હોવાની ચર્ચા ટોક ઓફ ધી જીલ્લો બની છે. પર્યાવરણ પ્રેમીઓએ તો આગ લાગવાના ષડયંત્રમાં સ્થાનિક અધિકારીઓ અને કર્મચારીઓની મીલીભગત પણ હોવાનો આક્ષેપ લગાવ્યો હતો.

## મોહદીસે આઝમ મિશન ડીસા દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા

ડીસા, તા. ૨૩

મોહદીસે આઝમેં હિન્દ રહ.ના ૫૯માં ઉર્ષ નિમિતે બડા પુરા



મક્કા મસ્જિદ ડીસામાં મિશન દ્વારા મોલાના શોક્તઅલી અકબરીની સરપરસ્તીમાં ફાતેહાનો પ્રોગ્રામ રાખવામાં આવેલ જેમાં દુરુદ શરીફનું વીર્દ તથા કુરાન શરીફ બક્ષવામાં આવેલ જેમાં મોટી સંખ્યામાં અકીદત મદો હાજર રહેલા. 'મિશન કા મકસદ કોમ કી ખીદમત' સૈયદ હસન અસકરી મિયાએ આપેલ સૂત્રને ધ્યાનમાં રાખી મદરસાએ સૈયદા ફાતેમાં ખાતુંન ખાતે જરૂરતમંદોને કપડાંનું વિતરણ કરવામાં આવેલ. આ ઉપરાંત પક્ષીઓ માટે પાણીના કુંડાનું વિતરણ, રખડતા મૂંગા પશુઓને ઘાસચારો નાખવામાં આવેલ અને મદરસાએ સૈયદા ફાતિમા ખાતુંન ખાતે સરબત પીવડાવવામાં આવેલ. આ પ્રસંગે મુફ્તી અસગરઅલી સાહેબ તથા હાફિઝ અબ્દુલ કાદિર તથા મોલાના જુનેદ હાજર રહ્યા હતા, જયારે પ્રસંગને સફળ બનાવવા મોહદીસે આઝમ મિશન ડીસા ઉર્ષ કમિટીના સભ્યો શકિલભાઈ ઠેકેદાર તથા અબ્બાસભાઈ ઠેકેદાર તથા ઈલ્યાસભાઈ ચંદેલ, જાવીદ સલીમભાઈ તથા માજીદભાઈ તથા વસીમભાઈ ખરાદી તથા ઈમ્તિયાઝ બશીરે ભારે ઝેહમત ઉઠાવી હતી.

## કાયદેસર પૈસા કમાવા, વાપરવા, રોકવા અને કરવેરા ભરવા એ સારા નાગરિક તરીકે આપણી ફરજ છે !





ગણપત વિદ્યાનગર, તા. ૨૩

ગણપત યુનિવર્સિટીના દશાબ્દિ વર્ષ-૨૦૧૫ની ઉજવણી સાથે શરૂ થયેલી 'વિશેષ વ્યાખ્યાનમાળા'ના વધુ એક મણકારૂપે આજે સવારે યોજાયેલા પ્રવચનના વક્તા તરીકે સુપ્રસિતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય ટેક્ષ પરામર્શક મુકેશ પટેલે 'પ્રેક્ટિકલ ટેક્ષ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ પ્લાનિંગ' વિષયે ખુબ વિદ્વતાપૂર્ણ વિચારો રજુ કર્યા હતા જેનાથી મંત્રમુગ્ધ થયેલા ઉપસ્થિત મહાનુભાવોમાં ગણપત યુનિ.ના પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ, યુનિ.ના ડાયરેક્ટર જનરલ પ્રો. ડૉ. મહેન્દ્ર શર્મા, અનેક ટ્રસ્ટી મહાનુભાવો, ડેપ્યુટી ડાયરેક્ટર પ્રો. ડૉ. આર.કે. પટેલ, બોર્ડ મેમ્બર ગિરાબેન પટેલ, આનંદભાઈ પટેલ સહિત સેંકડો અધ્યાપકો, વિવિધ વિદ્યાશાખાના વડાઓ, આચાર્યો અને સીનિયર સ્ટુડન્ટ્સનો સમાવેશ થાય છે.

મુકેશ પટેલે કહ્યું હતું કે કાયદેસર રીતે પૈસા કમાવા, વાપરવા, બચાવવા અને રોકવા આ બધું જ આપણી એક જવાબદાર નાગરિક તરીકેની ફરજમાં જ આવે છે !

આપણી આવક ઉપર ભરવાના થતા કર અને કમાણી તેમજ બચતનું વ્યવહારુ નાણાંકીય આયોજન માટેની કેટલીક સોનેરી સલાહો મુકેશભાઈ પટેલે પોતાના વ્યાખ્યાનમાં આપી હતી. જેમ કે તમારી આવકને વહેંચો અને કરવેરા નીચા લાવો, દા.ત. કુટુંબમાં પાંચ વ્યક્તિ હોય અને કુટુંબના વડાની આવક ૫૦ લાખ હોય તો તેણે ભરવાના ટેક્ષની રકમ ઊંચી હોય શકે છે પરંતુ એ આવકને ઘરના પાંચેય વ્યક્તિઓ વચ્ચે વહેંચવામાં આવે તો દરેકને દસ દસ લાખ ઉપર ભરવાનો ટેક્ષ ઓછો હોય શકે છે.

## ટીંટોઈ ગાયત્રી પરિવાર દ્વારા શ્રી રામ પારાયણ જ્ઞાન યજ્ઞ મહોત્સવનું આયોજન




મોડાસા, તા. ૨૩

અરવલ્લી જિલ્લાના ટીંટોઈ ખાતે શ્રી ગાયત્રી પરિવાર મહિલા શાખા તથા ટીંટોઈ ગ્રામજનો દ્વારા શ્રી રામ પારાયણ જ્ઞાન યજ્ઞ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. કથાનો પ્રારંભ તા.૨૩ માર્ચે થયો હતો. ટીંટોઈ મુકામે આ કથામાં વ્યાસ પીઠ પર પ.પૂ. વંદનીય પ્રજ્ઞાપુત્રી રશ્મિકાબેન પટેલ (ડભોઈવાળા) તેમની અમૃતમય વાણીમાં તેમજ ભક્તિમય શૈલીમાં સંગીત સાથે કથાનું રસપાન કરાવશે. માનવ જગતના કલ્યાણ અને વિશ્વશાંતિ માટે ધાર્મિક શ્રદ્ધા વધારવા આ મહોત્સવનું આયોજન કરેલ છે. આ કથાનું આયોજન તા.૨૩-૩-૨૦૧૯ થી તા.૨૯-૩-૨૦૧૯ સુધી કરવામાં આવેલ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા ગાયત્રી પરિવારના સંચાલકો એવા ગીરીશભાઈ સોની, દિનેશભાઈ પટેલ, મહેશભાઈ સુથાર, શિવુભાઈ પટેલ તથા સુભાષભાઈ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

## ચાંડપથી હુડોલ વચ્ચે સાબરમતી પુલ બને તો વિકાસના દ્વાર ખુલે

ઈડર તાલુકાના આંતરિયાળ છેવાડાના ગામની પ્રજાને વિકાસના અભાવે ભારે હાલાકી ભોગવે છે. ખેરાલુ તાલુકો અને સતલાસણા તાલુકાને જોડતો આ માર્ગ ઈડર તાલુકા પશ્ચિમ વિભાગના ૨૫૦થી વધુ ગામોની અવરજવર માટે મુખ્ય માર્ગ ત્રણ તાલુકાના સાબરમતી નદી કિનારેને જોડતો આ પુલ બને તો સગવડ અને વિકાસ મળે તેમ છે.

ઘણા વર્ષો પહેલા હિંમતનગરથી તારંગા ટેમ્પલની એસ.ટી. રૂટ ચાલુ હતી. પરંતુ આ પુલના અભાવે આ રૂટ બંધ કરેલ છે. ભૌતિક વિકાસ ઝડપથી વધી રહ્યો છે. ટેકનોલોજીના સાધનોની મદદથી નાના-મોટા પુલો, કોઝ્વે નાળાબંધ વિકાસના કામો થઈ રહ્યા છે. ત્યારે ચાંડપથી હુડોલ વચ્ચે પુલ થાય તો શૈક્ષણિક, શાકભાજી, ખેડૂતોના ધંધાને વિકાસ થાય તેમ છે. તો સત્વરે આ પુલ થાય તેવી આ વિસ્તારના લોકોની માંગણી છે.

## હિંમતનગર જીઆઈડીસી વિસ્તારમાં ટ્રાન્સફરના કોપરની ચોરી થતા ફરીયાદ

હિંમતનગર, તા. ૨૩

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ જીઆઈડીસીમાં ત્રણ દિવસ અગાઉ રાત્રીના સુમારે બે અજાણ્યા શખ્સોએ આવીને વીજ ટ્રાન્સફરમરના કોપર તથા અન્ય ચીજવસ્તુઓની મળી અંદાજે રૂ. ૧.૪૦ લાખની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગેની ફરીયાદ હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે સચિનકુમાર સુરેશભાઈ પંચાલે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૨૦ માર્ચની રાત્રે જીઆઈડીસીમાં આવેલ વીજ કંપનીના રૂ. ૬૦ હજારની કિંમતના પાંચ કેવીએના ૧૩ ટ્રાન્સફર તથા અન્ય ટ્રાન્સફરમરમાંથી અજાણ્યા શખ્સો કોપર તથા બ્રાસના હુક તથા અન્ય ચીજવસ્તુઓ મળી રૂ. ૧.૪૦ લાખની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે સચિનકુમારે તરત જ હિંમતનગર એડીવીઝન પોલીસસ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

જન્મ દિવસની શુભેચ્છા



શાહ નટવરલાલ મણીલાલ
જન્મ તા. ૨૪/૩/૧૯૪૦